# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

**1)** 100 ગીગાવોટથી વધુ સૌર ઉર્જાનું ઉત્પાદન કરીને ભારત સૌર ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બન્યું

**2)** કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનો કાર્યકાળ વધુ ત્રણ વર્ષ લંબાવવાની મંજૂરી આપી.

**3)** દિલ્હી વિધાનસભા ચૂંટણીની મતગણતરી આજે સવારે 8 વાગ્યે શરૂ થશે.

**4)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે.

**5)** ભારત નાગરિક ઉડ્ડયનના મુખ્ય કેન્દ્ર અને વિમાન સાધનોના ઉત્પાદનના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે

**6)** એલ એન્ડ ટી માયા રાજેશ્વરન મુંબઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# INDIAN SOLAR POWER

100 ગીગાવોટથી વધુ સૌર ઉર્જાનું ઉત્પાદન કરીને ભારત સૌર ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બન્યું છે.

આનાથી નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ભારતની સ્થિતિ મજબૂત થઈ છે. નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ સિદ્ધિ સ્વચ્છ, હરિયાળા ભવિષ્ય પ્રત્યે દેશની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

આ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 2030 સુધીમાં 500 GW બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત ઉર્જા ક્ષમતાના મહત્વાકાંક્ષી લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, છેલ્લા દસ વર્ષમાં ભારતની ઉર્જા યાત્રા ઐતિહાસિક અને પ્રેરણાદાયક રહી છે. તેમણે કહ્યું કે, સૌર પેનલ, સૌર પાર્ક અને છત પરના સૌર પ્રોજેક્ટ્સ જેવી પહેલોએ ક્રાંતિકારી પરિવર્તન લાવ્યા છે. તેમણે કહ્યું કે, ભારત માત્ર આત્મનિર્ભર જ નથી બની રહ્યું, પરંતુ વિશ્વને હરિત ઉર્જાના ક્ષેત્રમાં એક નવો રસ્તો પણ બતાવી રહ્યું છે.

ભારતે સૌર ઊર્જા ઉત્પાદનમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. 2014 માં, દેશની સૌર મોડ્યુલ ઉત્પાદન ક્ષમતા ફક્ત 2 GW હતી.

# ASHVINI VAISHNAV

કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગનો કાર્યકાળ 31 માર્ચ, 2028 સુધી ત્રણ વર્ષ લંબાવવાની મંજૂરી આપી.

શુક્રવારે મંત્રીમંડળની બેઠક બાદ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપતા જણાવ્યું કે, આનો ખર્ચ લગભગ 50.91 કરોડ રૂપિયા થશે. આનાથી સફાઈ કામદારોના સામાજિક-આર્થિક ઉત્થાનમાં મદદ મળશે.

## (BYTE-અશ્વિની વૈષ્ણવ)

## SKILL INDIA PROGRAMME

કેન્દ્રીય મંત્રીમંડળે 2026 સુધી સ્કીલ ઇન્ડિયા કાર્યક્રમને ચાલુ રાખવા અને પુનર્ગઠનને મંજૂરી આપી છે. આ કાર્યક્રમને 2022-23 થી 2025-26 સુધી 8 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે મંજૂરી આપવામાં આવી હતી. બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ માહિતી આપી.

સ્કીલ ઇન્ડિયા કાર્યક્રમને 8 હજાર 800 કરોડ રૂપિયાની નવી મંજૂરી મળી છે અને ગુણવત્તા પર ઘણું ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

# DELHI ELECTION COUNTING

દિલ્હી વિધાનસભા ચૂંટણીની મતગણતરી આજે સવારે 8 વાગ્યે શરૂ થશે. મત ગણતરી માટે દિલ્હીના અગિયાર જિલ્લાઓમાં 19 કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. અમારા પ્રતીનિધિ અમને જણાવે છે કે, મત ગણતરીને ધ્યાનમાં રાખીને અધિકારીઓએ રાજધાનીમાં સુરક્ષા કડક કરી દીધી છે.

(BYTE: AKSHIT)

# PM FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે. દરમિયાન શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સમિટની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગઈકાલે નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી આ મહિનાની 12 અને 13 તારીખે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષી બેઠક કરવા અમેરિકાની પણ પ્રવાસે જશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . .

# CIVIL-AVIATION

**કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ કહ્યું કે, ભારત નાગરિક ઉડ્ડયનના મુખ્ય કેન્દ્ર અને વિમાન સાધનોના ઉત્પાદનના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.**

**ગઈકાલે દેશમાં વિમાન સાધનોના ઉત્પાદન પ્રવૃત્તિઓની સમીક્ષા અને પ્રોત્સાહન આપવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની તેમણે અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં નાગરિક ઉડ્ડયન સચિવ વી. વુલનમ સહિત વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ સંગઠનો, સંશોધન સંસ્થાઓ અને વિવિધ સરકારી વિભાગોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમાં સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવા અને વિમાન સાધનોના ઉત્પાદન ક્ષેત્રમાં ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવાની ચર્ચા કરવામાં આવી હતી.**

શ્રી નાયડુએ કૌશલ્ય વિકાસ, ડિઝાઇન, ઉત્પાદન, જાળવણી અને પ્રમાણપત્રને સમાવિષ્ટ કરતી વ્યાપક ઉડ્ડયન પ્રણાલીના નિર્માણના મહત્વ પર ભાર મૂક્યો.

# MAHAKUMBH

હવે મહાકુંભના સમાચાર.........

અત્યાર સુધીમાં, 40 કરોડથી વધુ ભક્તોએ ત્રિવેણી સંગમ મહાકુંભમાં પવિત્ર ડૂબકી લગાવી છે. પ્રયાગરાજમાં, મકરસંક્રાંતિ, મૌની અમાવસ્યા અને વસંત પંચમીના ત્રણ અમૃત સ્નાન પછી પણ ભક્તોનો ઉત્સાહ વધી રહ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ 10 ફેબ્રુઆરીએ ત્રિવેણી સંગમમાં પવિત્ર ધાર્મિક વિધિઓમાં ભાગ લેવા માટે પ્રયાગરાજની મુલાકાત લઈ શકે છે. કેટલાક લોકો એક મહિનાથી કુંભમાં 3 વાર સ્નાન કરી રહ્યા છે જે કલ્પવાસી છે. આ વિષે...અમારા પ્રતીનિધિનો અહેવાલ ....

## BYTE -DIPENDER KUMAR

# PM-WAVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મનોરંજન, સર્જનાત્મકતા અને સંસ્કૃતિની દુનિયાને એકત્ર કરતી વૈશ્વિક સમિટ, WAVES ના સલાહકાર બોર્ડની એક વ્યાપક બેઠક યોજી હતી.

તેમણે ભારત અને વિશ્વના ટોચના વ્યાવસાયિકો સાથે વાતચીત કરી, જેમાં અભિનેતા અમિતાભ બચ્ચન, દિલજીત દોસાંઝ, રજનીકાંત, શાહરૂખ ખાન, રણબીર કપૂર, ચિરંજીવી, અનિલ કપૂર, અક્ષય કુમાર અને અનુપમ ખેરનો સમાવેશ થાય છે. તેમણે સંગીત નિર્દેશક એ. આર. રહેમાન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી, માઇક્રોસોફ્ટના વડા સત્ય નડેલા, મહિન્દ્રા અને મહિન્દ્રાના અધ્યક્ષ આનંદ મહિન્દ્રા અને અન્ય લોકો સાથે પણ વાતચીત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, સલાહકાર બોર્ડના સભ્યો જીવનના વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે. તેમણે ઉમેર્યું કે, તેઓએ માત્ર તેમના સમર્થનનો પુનરોચ્ચાર જ કર્યો નથી, પરંતુ ભારતને વૈશ્વિક મનોરંજન કેન્દ્ર બનાવવાના ભારતના પ્રયાસોને કેવી રીતે વધુ મજબૂત બનાવવા તે અંગે મૂલ્યવાન સૂચનો પણ રજૂ કર્યા છે.

## REV.-TENNIS-MUMBAI-OPEN

મુંબઈમાં એલ એન્ડ ટી માયા રાજેશ્વરન મુંબઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સની સેમિફાઇનલમાં પહોંચી ગઈ છે. માયાએ ક્વાર્ટર ફાઇનલમાં જાપાનની મેઇ યામાગુચીને 6-4, 3-6, 6-2 થી હરાવી.

મહિલા ડબલ્સમાં, પ્રાર્થના થુમ્બેરે અને એરિયાના હાવટોનોની જોડીએ સેમિફાઇનલમાં એડેલ સિલ્વા અને અનાસ્તાસિયા તિખોનોવાને 2-6, 6-4, 10-2 થી હરાવીને સતત બીજી વખત ફાઇનલમાં પ્રવેશ કર્યો.

<u>અને હવે અખબારોના સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ..</u>

- આજે મોટા ભાગના અખબારોએ રેપોરેટના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે.
- સંદેશ લખે છે હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના વ્યાજ દર ઘટશે અને તે મુજબ EMIમાં ઘટાડો થશે, પાંચ વર્ષ પછી રેપોરેટમાં 0.25 ટકાનો ઘટાડો
- ગુજરાત સમાચાર લખે છે કે રેપો રેટ 0.25 ટકાના ઘટાડા સાથે 6.25 ટકા : લોન સસ્તી થવાની આશા
- દિવ્ય ભાસ્કરે લખ્યું. RBIની નાણાકીય સમીક્ષા: રેપોરેટ 0.25%નો ઘટાડો. 5 વર્ષ(19 ત્રિમાસિક)માં આ દરમાં 2 ટકાનો વધારો થયો
- નવગુજરાત સમય લખે છે કે રિઝર્વ બેન્કે વ્યાજદર 0.25% ઘટાડતા લોન સસ્તી થશે
- રાજસ્થાન પત્રિકાએ દિલ્હી વિધાનસભા ચૂંટણીની મતગણતરીના સમાચાર પ્રથમ પાને છાપ્યા છે
- ગુજરાત સમાચારે અનામત આંદોલન વખતના નવ કેસો પાછા ખેંચવાની જાહેરાતના સમાચાર છેલ્લા પાનાં પર છાપ્યા છે.
- ફૂલછાબે છેલ્લા પાનાં પર લખ્યું . વડોદરા હરણી બોટ દુર્ઘટના: પીડિત પરિવારોને એક વર્ષે વળતર ચૂકવાશે
- નવગુજરાત સમયે છેલ્લા પાનાં પર સરકારના નિવેદનને ટાંકીને લખ્યું, ગુજરાતમાં ચાઈલ્ડ પ્રોટેક્શન પોલિસીનો ડ્રાફ્ટ તૈયાર માત્ર મંજૂરી બાકી